# સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર

# <u>ઉદીશા પ્રકલ્પ</u>

## અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦

## દરમિયાન થયેલ વિવિધ

## પ્રવૃતિઓ નો અહેવાલ

- **કોલેજ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે નિમાયેલ ઊદીશા સમિતિ ની વિગતો**

વર્ષ ની શરુઆત માં આચાર્ય શ્રી દ્વારા ઊદીશા સમિતિ નાં ચેરમેન તરીકે ડો. જિજ્ઞાસા ટી. ઠુંમર તથા કો- ચેરમેન તરીકે ડો. રીટા ચુડાસમા ની નિમણુંક કરવામાં આવેલ, પરંતુ વર્ષ ના મધ્ય ભાગે (જાન્યુઆરી-૨૦૨૦) વધારે સભ્યો ની જરૂર જણાતા ઊદીશા સમિતિ નું નીચે મુજબ વિસ્તરણ કરવામાં આવ્યું.

## ઊદીશા સમિતિ

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૦૧ | ડો. જિજ્ઞાસા ટી. ઠુંમર | ચેરમેન |
| ૦૨ | ડો. રીટા ચુડાસમા | કો- ચેરમેન |
| ૦૩ | ડો. પ્રજ્ઞા પી. પ્રજાપતી | સભ્ય |
| ૦૪ | ડો. કિરણ નિમાવત | સભ્ય |
| ૦૫ | પ્રો.મીના વી. મુલચંદાની, | સભ્ય |
| ૦૬ | ડો. પૂજા યુ. શર્મા | સભ્ય |

- **વર્ષ દરમિયાન ટી. વાય. બી. એસ. સી. ના વિદ્યાર્થી ઓ ગોઠ્વાયેલ સેમિનાર/વ્યાખ્યાન/વર્કશોપ કાર્યક્રમો ની રૂપરેખા**

| ક્રમ | પ્રવુતિ | તારીખ | વિષય | તજજ્ઞ નું નામ | સંસ્થા |
|---|---|---|---|---|---|
| ૦૧ | સેમિનાર | 03 તથા ૦૪/૦૨/૨૦૨૦ | GENERAL ENGLISH | ડૉ. હારીત એસ. પટેલ | ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ કોલેજ, ગાંધીનગર |
| ૦૨ | તાલીમ વર્કશોપ | ૦૬/૦૨/૨૦૨૦ | આપદા પ્રબંધન | કુ.મેઘા રબારી | જીલ્લા ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, કલેકટર કચેરી, ગાંધીનગર |
| ૦3 | સેમિનાર | ૨૮/૦૨/૨૦૨૦ | Visual effects and animation | કુ.નિશિ પટેલ તથા મિ. કપિલ ચૌધરી | વર્ટેક્સ સ્કુલ ઓફ વિઝ્યુઅલ ઇફેક્ટ્સ એન્ડ એનીમેશન, ગાંધીનગર |
| ૦૪ | વર્કશોપ | ૧૮/૦૧/૨૦૨૦ | “ડીજીટલ એડ મેકિંગ” અને “સોફ્ટ સ્કિલ્સ “ | ડો. સુરજ શાહ તથા પ્રો. યશપાલ જાડેજા | સેંટર ફોર મેનેજમેંટ એન્ડ રીસર્ચ સ્ટડીસ, ગણપત યુનિવર્સિટી, મહેસાણા |
| ૦૫ | સેમિનાર | ૦૧/૦૧/૨૦૨૦ | GPSC અને UPSC | મિ.યોગેશ તથા મિસ માનસિ પટેલ | ચહલ એકેડેમી, ગાંધીનગર |
| ૦૬ | સેમિનાર | ૧૮/૧૨/૨૦૧૯ | UPSC: challenges and solutions | મિ. આયુષ શર્મા | “Faster Academy”, ગાંધીનગર |

તા. ૨૨/૦૨/૨૦૨૦

નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત (**KCG**), GOG આયોજિત

**જીલ્લા કક્ષા ના Placement Fair- ૨૦૨૦ નો અહેવાલ**

માનનીય અગ્ર સચિવ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર તથા નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત, GOG દ્વારા કોલેજના માં અંતિમ વર્ષ માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થી ઓ ને રોજગારી ની તક મળે એ હેતુ થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન **મેગા પ્લેસ્મેન્ટ ફેર** નું આયોજન કરવામાં આવેલ. નવેમ્બર ૨૦૧૯ દરમિયાન સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર કોલેજ માં અંતિમ વર્ષ માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થી ઓ નો ડેટા, KCG દ્વારા આપેલ નિયત ફોર્મેટ માં, કોલેજ નાં Training and Placement officer તથા ઉદીશા પ્રકલ્પ નાં ચેરમેન ડો. જિજ્ઞાસા ત્રિકમલાલ ઠુંમર દ્વારા સબમિટ કરવામાં આવેલ. કુલ ૪૦૯ ઓ નું રજીસ્ટ્રેશન થયેલ. આ ઉપરાંત ૧૬ જેટ્લી ઇન્ડ્સ્ટ્રી ઓ નું સંસ્થા દ્વારા Placement Fair માટે રજીસ્ટ્રેશન કરાવવામાં આવેલ. તા. **૨૦/૦૨/૨૦૨૦ નાં રોજ સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર ખાતે જીલ્લા કક્ષા ના Placement Fair** નું આયોજન થયેલ, જેમા સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર નાં કુલ ૨૪૦ વિદ્યાર્થી ઓ એ ૧૫ થી વધુ કંપની ઓ ને ઇંટર્વ્યુ આપેલ. ૨૪૦ વિદ્યાર્થી ઓ એ વિવિધ કંપની ઓ ને કુલ ૫૭૬ ઇંટર્વ્યુ આપેલ. કુલ ૨૪૦ એપ્લીકંટ માથી ૧૬૧ વિદ્યાર્થી ઓ નું પ્રાથમિક સિલેક્શન થયું અને તેમને આકર્ષક ઓફર થી કંપની દ્વારા જોબ ઓફર થયેલ. સંસ્થા નાં વડા ડૉ. એમ . જી. ભટ્ટ તથા ઇન ચાર્જ પ્રિન્સિપાલ ડો. ડી. એ. ઓડેદરા નાં માર્ગદર્શન હેઠળ Placement Fair નું આયોજન કરવામાં તમામ સર્વે સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવેલ. આ ઉપરાંત કોલેજ ખાતે સાયન્સ વિષય ની કુલ ૧૧ કંપની ઓ ને ઇંટર્વ્યુ લેવા માટે યોગ્ય વ્યવસ્થા ની જવાબદારી પણ

કોલેજ એ ઉપાડેલ. આ સમગ્ર આયોજન માં કોલેજ ના તમામ સ્ટાફ એ તેમને ફાળવેલ કામગીરી સુપેરે બજાવેલ.







તા. ૦૫ ફેબ્રુઆરી, ૨૦૨૦

# **અહેવાલ-** "ઇન્ટર્વ્યું માટે અંગ્રેજી નું મહત્વ" પર સેમિનાર

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે **તા. 03 તથા 0૪ ફેબ્રુઆરી, ૨૦૨૦** ના રોજ, સંસ્થા નાં રૂમ નં ૨૬ માં બપોરે ૦૧ થી ૦૨ વાગ્યા દરમિયાન, **ઉદીશા પ્રકલ્પ** અંતર્ગત ટી. વાય. બી. એસ. સી. ના વિદ્યાર્થી ઓ ને તા. **૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૦** એ યોજાનાર પ્લેસ્મેંટ કેમ્પ માં ઇન્ટર્વ્યું માટે અંગ્રેજી નું મહત્વ સમજાવવા માટે "**GENERAL ENGLISH**" એક સેમિનાર નું આયોજન કરવામાં આવેલ હતું. ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ કોલેજ, ગાંધીનગર માં કાર્યરત એસોસીએટ **પ્રોફેસર ડૉ. હારીત એસ. પટેલ** એ વિદ્યાર્થી ઓ ને ઇન્ટર્વ્યું માટે અંગ્રેજી નું મહત્વ વિવિધ ઉદાહરણ આપી સમજાવેલ. આ ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષા ઓ અંગ્રેજી વિષય ની અમુક કસોટી ઓ પર પણ ચર્ચા કરેલ. આ સાથે અંગ્રેજી વિષય નાં ઓન લાઇન કોર્ષ ની પણ પુરતી છણાવટ કરેલ. ઉપરોક્ત તમામ પાસાં પર તેમણે વિદ્યાર્થી ઓ સાથે ઉદાહરણ સહિત પ્રશ્નોતરી કરી, જે તમામ ને માટે ઉપયોગી રહી હતી. સંસ્થા નાં વડા ડૉ. એમ . જી. ભટ્ટ તથા ઇન ચાર્જ પ્રિન્સિપાલ **ડો**. ડી. એ. ઓડેદરા નાં માર્ગદર્શન હેઠળ મિનાર નું આયોજન કરવામાં આવેલ હતું. ઉદીશા પ્રકલ્પ નાં ચેરમેન ડો. જિજ્ઞાસા ત્રિકમલાલ ઠુંમર, કો- ચેરમેન ડો. રીટા ચુડાસમા તથા અન્ય કમીટી સભ્ય ડો. પૂજા શર્મા નાં સહકાર થી સફળતા પુર્વક પૂર્ણ થયેલ.








તા. ૦૭, ફેબ્રુઆરી, ૨૦૨૦

# **અહેવાલ-** આપદા પ્રબંધન પર તાલીમ વર્કશોપ

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે **તા. ૦૬ ફેબ્રુઆરી, ૨૦૨૦** ના રોજ કલેકટર કચેરી, ગાંધીનગર દ્વારા આપદા પ્રબંધન ની તાલીમ નું આયોજન કરવામાં આવેલ. **જીલ્લા ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, કલેકટર કચેરી, ગાંધીનગર GSDMA-DRM** દ્વારા આયોજીત આ તાલીમ માં ભાગ લેનાર ને **આપદા પ્રબંધન** વીશે થીયરી તથા પ્રેકટીકલ શિખવવામાં આવ્યા. વિદ્યાર્થી ઓ ને ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર – ડી-આર.એમ., મેડમ શ્રી મેઘા રબારી દ્વારા મોક્લાયેલ નિષ્ણાંત શ્રી એ યોગ્ય તાલીમ નું આયોજન તથા અમલીકરણ કરેલ. ઉદીશા પ્રકલ્પ નાં ચેરમેન ડો. જિજ્ઞાસા ત્રિકમલાલ ઠુંમર તથા અન્ય કમીટી સભ્યો ડો. કિરણ નિમાવત તથા ડો. જિજ્ઞાસા વાઘેલા નાં સહકાર તથા સંસ્થા નાં વડા ડૉ. એમ . જી. ભટ્ટ તથા ઇન ચાર્જ પ્રિન્સિપાલ ડો. ડી. એ. ઓડેદરા ના માર્ગદર્શન થી સફળતા પુર્વક પૂર્ણ થયેલ અને બહોળી સંખ્યા માં વિદ્યાર્થીઓ એ તેનો લાભ લીધેલ.





HITACHI


HITACHI

તા: ૨૯ જાન્યુઆરી, ૨૦૨૦

# **અહેવાલ-** "visual effects and animation" વિષય પર સેમિનાર નુ આયોજન

**તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૦** ના રોજ **ઉદીશા અને કેરીયર કોર્નર** અંતર્ગત ટી. વાય. બી. એસ. સી. ના વિદ્યાર્થી ઓ ના ટેક્નિકલ **જ્ઞાન માં વધારો થાય એ હેતુ થી વર્ટેક્સ સ્કુલ ઓફ વિઝ્યુઅલ ઇફેક્ટ્સ એન્ડ એનીમેશન, ગાંધીનગર** દ્વારા **"Latest Technology, trend and career opportunity in visual effects and animation"** વિષય પર સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે સેમિનાર નું આયોજન થયેલ. સેમિનાર માં વર્ટેક્સ નાં કેરિઅર કાઉંસેલર અને એડ્વાઇસર **કુ.નિશિ પટેલ તથા ક્રિએટીવ ડાયરેક્ટર મિ. કપિલ ચૌધરી** એ એનીમેશન ની વિવિધ ટેક્નિક્સ પર મુદ્દાસર છણાવટ કરેલ. વિદ્યાર્થીઓ એ રસપૂર્વક ફિલ્મો તથા ટી. વી. ધારવાહિક માં વપરાતી VFX તથા અન્ય ટેક્નોલોજી ઓ નું ઉદાહરણ સાથે ડેમોન્સ્ટ્રેશન નિહાળ્યું. મિ. કપિલ ચૌધરી એ તેમણે ટી. વી. ધારવાહિક જેવી કે ઇન્ડીયન આઇડોલ, મહાકાળી, રાઇસિંગ સ્ટાર તથા કેસરી જેવી ફિલ્મો માં તેમણે કરેલ કામ દરમિયાન થયેલ અનુભવો વ્યક્ત કર્યા. આ સેમિનાર દ્વારા વિદ્યાર્થી ઓ ને ભવિષ્ય માં આવા ક્રીએટીવ ફીલ્ડ માં પણ કેરીયર બની શકે તે માટે ની ભરપુર તકો નો ખ્યાલ આવ્યો. વર્ટેક્સ સ્કુલ ઓફ વિઝ્યુઅલ ઇફેક્ટ્સ એન્ડ એનીમેશન, ગાંધીનગર એ આ બદલ ઉદીશા પ્રકલ્પ નાં ચેરમેન ડો. જિજ્ઞાસા ત્રિકમલાલ ઠુંમર તથા કો- ચેરમેન ડો. રીટા ચુડાસમા નો પુરતો સહકાર આપી જરૂરી વ્યવસ્થા ગોઠવવા બદલ આભાર વ્યક્ત કરેલ.








**તા. ૧૯ જાન્યુઆરી, ૨૦૨૦**

# <u>**અહેવાલ-** "ડીજીટલ એડ મેકિંગ" વિષય પર વર્કશોપ નુ આયોજન</u>

**ઉદીશા પ્રકલ્પ** અંતર્ગત **તા. ૧૮ જાન્યુઆરી, ૨૦૨૦** ના "ડીજીટલ એડ મેકિંગ" વિષય પર વર્કશોપ નુ આયોજન કરવામાં આવેલ. ગણપત યુનિવર્સિટી નાં સેંટર ફોર મેનેજમેંટ એન્ડ રીસર્ચ સ્ટડીસ ખાતે કાર્યરત **ડો. સુરજ શાહ તથા પ્રો. યશપાલ જાડેજા** એ ડીજીટલ એડ મેકિંગ વિશે વિસ્તુત માહીતી આપી હતી. રજીસ્ટ્રેશન બાદ સેશન - ૧ મા "**એડ્વર્ટાઇઝ મેકિંગ વર્કશોપ**" અને ત્યાર બાદ સેશન - ૨ માં "**સોફ્ટ સ્કીલ ઇન પ્રોફેશનલ એજ્યુકેશન**" પર વિદ્યાર્થી ઓને માહીતગાર કરવામાં આવ્યા. વર્કશોપ દરમિયાન ૭ વિદ્યાર્થી ઓ ની એક એવી ૭ ટીમ બનાવવામાં આવી. દરેક ટીમ ને ચાર્ટ પેપર, સ્કેચ પેન તથા જુના ન્યુઝ પેપર આપી "કેક શોપ ની જાહેરાત" બનાવવાનું ટાસ્ક આપવામાં આવ્યું. જેના માટે વિદ્યાર્થી ઓને ૩૦ મીનિટ નો સમય આપવામાં આવ્યો. સમય ના અંતે ૩ બેસ્ટ એડ ને પસંદ કરી નો ઉપયોગ કરી વિદ્યાર્થી ઓ ને ગિફ્ટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. વર્કશોપ ના અંતે દરેક વિદ્યાર્થી પાસે થી ફીડ બેક લેવામાં આવ્યાં. ઉપરોક્ત  વર્કશોપ ને સફળ બનાવવા ઉદીશા પ્રકલ્પ નાં ચેરમેન ડો. જિજ્ઞાસા ત્રિકમલાલ ઠુંમર, કો- ચેરમેન ડો. રીટા ચુડાસમા તથા અન્ય કમીટી સભ્યો ડો. કિરણ નિમાવત, ડો.. પી. પી. પ્રજાપતી, પ્રો. એમ. વી. મુલચંદાની, તથા ડો. પૂજા શર્મા એ સમ્પૂર્ણ સહકાર આપેલ. થી  સફળતા પુર્વક પૂર્ણ થયેલ અને બહોળી સંખ્યા માં ટી. વાય. બી. એસ. સી. ના વિદ્યાર્થીઓ એ તેનો લાભ લીધેલ. કોલેજ ના આચાર્ય શ્રી ડૉ. એમ . જી. ભટ્ટ તથા ઇન ચાર્જ આચાર્ય ડો. ડી. એ. ઓડેદરા એ વર્કશોપ માં ભાગ લેવા બદલ વિદ્યાર્થી ઓ ને શુભેચ્છા પાઠ્વેલ.




LOVE@ 1 BITE





તા. 03/0૧/૨૦૨૦

**અહેવાલ-** ચહલ એકેડેમી, ગાંધીનગર મારફત એક સેમિનાર

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે **તા. ૦૧/૦૧/૨૦૨૦** ના રોજ, સંસ્થા નાં કોન્ફરન્સ હોલ ખાતે **ઉદીશા પ્રકલ્પ** અંતર્ગત ટી. વાય. બી. એસ. સી. ના વિદ્યાર્થી ઓ ને કેરીયર ને લગતી મહિતી મળી રહે તે હેતુ થી ચહલ એકેડેમી, ગાંધીનગર મારફત એક સેમિનાર નું આયોજન કરવામાં આવેલ હતું. ચહલ એકેડેમી નાં પ્રતિનિધી શ્રી યોગેશ ભાઇ તથા મિસ માનસિ પટેલ એ વિદ્યાર્થી ઓ ને GPSC અને UPSC ની આવનાર પરીક્ષા ની તૈયારી કઇ રીતે કરવી, કેટ્લા કલાક નું વાંચન કર્વું આ બધી વિગતો ની જાણકારી આપી હતી. કોલેજ માથી તમામ વિષય નાં વિદ્યાર્થી ઓ એ એમની સાથે ચર્ચા કરી ને જરૂરી માહિતિ મેળવી હતી. તેમની સંસ્થા મારફતે તૈયાર કરાયેલ સીડી પણ વિદ્યાર્થી ઓ ને બતાવવા માં આવી હતી. જે તમામ ને ઉપયોગી હતી.


Contents of the Session



**તા. ૧૯ ડીસેમ્બર, ૨૦૧૯**

# અહેવાલ

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે **તા. ૧૮ ડીસેમ્બર, ૨૦૧૯** ના રોજ **ઉદીશા પ્રકલ્પ** અંતર્ગત ટી. વાય. બી. એસ. સી. ના વિદ્યાર્થી ઓ માટે શહેર ની "Faster Academy" સંસ્થા દ્વારા કેરીયર અવેરનેસ સેમિનાર નું આયોજન કરવામાં આવેલ હતું. આ સેમિનાર માં ડાયરેક્ટર મિ. આયુષ શર્મા દ્વારા વિદ્યાર્થી ઓ ને UPSC ની તૈયારી માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું. UPSC ની પરીક્ષા ના વિવિધ તબકકા ઓ વિશે સવિસ્તાર માહિતિ આપવા માં આવી. એકેડેમી નાં પાસ આઉટ વિદ્યાર્થી ઓ એ પ્રિલિમિનરી - મેઈન્સ – રુબરૂ મુલકાત જેવા ઉપયોગી સ્ટેપ્સ ની સમજ આપવા સાથે પોતાના અનુભવો વર્ણવ્યા. આ સિવાય અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા વીશે વિસ્તાર થી સમજ આપવામાં આવી. સંસ્થા નાં વડા ડૉ. એમ . જી. ભટ્ટ તથા ઇન ચાર્જ પ્રિન્સિપાલ **ડો.** ડી. એ. ઓડેદરા નાં માર્ગદર્શન હેઠળ સેમિનાર નું આયોજન કરવામાં આવેલ હતું. ઉદીશા પ્રકલ્પ નાં ચેરમેન ડો. જિજ્ઞાસા ત્રિકમલાલ ઠુંમર તથા કો- ચેરમેન ડો. રીટા ચુડાસમા એ સેમિનાર નું આયોજન કરવામાં ભારે જહેમત ઉઠાવેલ.


GPSC SSC



ઉપરોક્ત તમામ માહિતિ ઉદીશા પ્રકલ્પ  અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃતિઓ વર્ણવે છે, જેની નોંધ લેવી.

**ડો. જિજ્ઞાસા ત્રિકમલાલ ઠુંમર** **આચાર્ય શ્રી**

ચેરમેન,  ઉદીશા પ્રકલ્પ

તા. ૧૨/03/૨૦૨૦

સ્થળ: સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર